# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારીયાદી** **તા.૦૧-૦૨-૨૦૧૨**

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષની બેઠકમાં સુપ્રિમ કોર્ટના ન્યાય અપાવવાના પ્રયત્નો છતાં એસ.આઇ.ટી.ના ચેરમેનશ્રી રાઘવનના મુખ્ય તહોમતદારોને બચાવવાના પ્રયત્નોની શખ્ત શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી. ગુજરાતની પ્રજાની તિજોરીમાંથી દર મહિને દોઢ લાખ રૂપિયા શ્રી રાઘવનને ચૂકવવામાં આવે છે. તા.૧૨મી સપ્ટેમ્બર-૨૦૧૧ના રોજ સુપ્રિમ કોર્ટે એસ.આઇ.ટી.ના ચેરમેનને રીપોર્ટ ફાઇલ કરવા જણાવેલું હોવા છતાં શ્રી રાઘવન દ્વારા અક્ષમ્ય વિલંબ કરવામાં આવી રહ્યો છે. શ્રી રાઘવનનું વર્તન સંપૂર્ણપણે શંકાસ્પદ રહ્યું છે. પ્રજાની તિજોરીના પૈસે શ્રી રાઘવન લંડન ફરવા જઇ શકે તેવી સુવિધાઓ રાજ્ય સરકારે આપી છે. શ્રી રાઘવનનું હેડ કવાર્ટર પણ ફિક્સ નથી. શ્રી રાઘવને મહત્વના સાક્ષીઓ જેવા કે શ્રી આર.બી.શ્રીકુમાર, શ્રી રાહુલ શર્મા કે શ્રી સંજીવ ભટ્ટ જેવાના સ્ટેટમેન્ટ નોંધવાની પણ દરકાર કરી નથી. સુપ્રિમ કોર્ટે જ નિયુક્ત કરેલા રાજુ રામચંદ્રન કે જેઓ નિષ્ઠાવાન અને વિદ્વાન વકીલ છે. તેઓએ જાત માહિતી મેળવીને પોતાનો રીપોર્ટ કાનૂની અભિપ્રાય સાથે આપેલો હોવા છતાં શ્રી રાઘવન ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને બચાવવા માટે બીજા લીગલ ઓપીનીયન અને છટકબારીઓ શોધવા ફ્વાતીયા મારે છે, અને રીપોર્ટ ફાઇલ કરતાં નથી. શ્રી રાજુ રામચંદ્રને પોતાના રીપોર્ટમાં મંત્રીશ્રીઓની કંટ્રોલરૂમમાં હાજરી, શ્રી સંજીવ ભટ્ટની મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને હાજરી તેમજ પ્રોસીકયુશન આઇ.પી.સી.કલમો-૧૫૩(એ), ૧૫૩(બી), ૫૦૫, ૧૬૬ વિગેરે નીચે મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય જવાબદાર મુખ્ય ૬૧ તહોમતદારો સામે કાર્યવાહી કરવા અભિપ્રાય આપેલો હોવા છતાં શ્રી રાઘવન આ તહોમતદારોને બચાવવા પ્રયત્ન કરી રહ્યાં છે. શ્રી રાઘવન અગાઉ ટાટા કંપની સાથે જોડાયેલાં હતાં, અને તેઓ ચેરમેન થયા બાદ ટાટાની નેનો કંપનીને ગુજરાતની તિજોરીમાંથી ન કલ્પી શકાય તેવા કરોડો રુપિયાની લ્હાણી કરાઇ છે. શ્રી રાઘવનનું મુખ્યમંત્રીશ્રીને બચાવવાનું માનસ અને રીપોર્ટ કરવામાં વિલંબ તેમજ ચેરમેન તરીકેની તેમની વર્તણૂંક અનેક શંકાકુશંકાઓ પેદા કરે છે. શ્રી રાઘવનના આ વલણને કારણે ન્યાય મળશે કે કેમ તેની ગુજરાતની જનતામાં ચિંતા છે. કોંગ્રેસ વિધાનસભા પક્ષે આશા વ્યક્ત કરી છે કે, ન્યાય માટે પ્રચલિત નામદાર સુપ્રિમ કોર્ટ જો શ્રી રાઘવન પણ ગરબડ કરે તો ભવિષ્યમાં તેમના સામે શ્યુઓમોટો કાર્યવાહી કરશે અને ગુજરાતમાં ન્યાય ઇચ્છતા લોકોને ન્યાય પ્રદાન થશે.

આજની કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠકમાં એક જવાબદાર રચનાત્મક વિરોધપક્ષ તરીકે આગામી બજેટ સત્રમાં પ્રજાકિય પ્રશ્નો, ગુજરાતની ભાજપની સરકારનો ભ્રષ્ટાચાર તેમજ મુખ્યમંત્રીશ્રીના પોકળ દાવાઓની સામે યોગ્ય લડત આપવા નિર્ધાર થયો હતો. કોંગ્રેસ વિધાનસભા પક્ષે વેટ ઉપરના સરચાર્જને નાબૂદ કરવા, ખાતર ઉપરના વેટને દૂર કરવા, ડાર્કઝોનના ખેડૂતોને વીજ જોડાણ આપવા, ફિક્સ પગારના કર્મચારીઓની તરફેણમાં આવેલાં હાઇકોર્ટના ચુકાદાનો તાત્કાલિક અમલ કરવા, ટ્રસ્ટ એકટના કાયદાને નાબૂદ કરવા, રાઇટ ટુ એજ્યુકેશનના કાયદાનું તાત્કાલિક અમલીકરણ કરવા, ખેડૂતોને દિવસે પૂરતી વીજળી આપવા, શિક્ષણમાં વ્યાપારીકરણ બંધ કરી સસ્તુ શિક્ષણ પ્રદાન કરવાની માંગણી કરી છે.

આ ઉપરાંત સભરવાલ જજમેન્ટ ગુજરાત સરકારે અમલ કરવાથી આદિવાસી શિક્ષકોને બઢતી અને ભરતીમાં ખૂબ મોટુ નુકશાન થઇ રહ્યું છે. કોંગ્રેસ વિધાનસભા પક્ષે માંગણી કરી છે કે, દેશના ઘણાં રાજ્યોએ આ જજમેન્ટનો અમલ કરેલો નથી તેમ ગુજરાતે પણ અમલ કરવો જોઇએ નહીં. ગુજરાતમાં પેશા કાયદાનો અક્ષરસઃ અમલ થતો નથી જે અંગે પણ કોંગ્રેસ વિધાનસભા પક્ષે માંગણી કરી છે કે, પેશા કાયદાનો ચૂસ્તપણે અમલ થવો જોઇએ. જંગલની જમીન ઉપરના અધિકારના કાયદા છતાં ગુજરાત સરકાર આદિવાસી ભાઇઓને જંગલની જમીન આપતી નથી તે પ્રત્યે મીટીંગમાં રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રાજ્યની ગૌચર અને અન્ય પડતર જમીનો ઉદ્યોપતિઓને નહિં પરંતુ પશુપાલકો, માલધારીઓ, દલિતો, આદિવાસી ભાઇઓ અને ખેતમજૂરો તથા નાના ઉદ્યોગકારોને આપવા પણ માંગણી કરવામાં આવી છે. આજની કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને મળી હતી. આજની બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી શંકરસિંહજી વાઘેલા, શ્રી મધુસુદનભાઇ મિસ્ત્રિ, શ્રી પ્રવિણભાઇ રાષ્ટ્રપાલ, શ્રી સિધ્ધાર્થભાઇ પટેલ, શ્રી મોહનસિંહભાઇ રાઠવા, શ્રી ઇકબાલભાઇ પટેલ, શ્રી કુંવરજીભાઇ બાવળીયા તેમજ કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ અને કોર કમિટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
**સદરહું પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.**

**(જે.જે.રસાણીઆ)**

**અંગત મદદનીશ**